# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-05-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# INDIA AIRSTRIKE

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હૂમલાનાં 15 દિવસ બાદ ભારતીય સૈન્ય-એ ગઈ મધરાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાનનાં કબ્જા હેઠળનાં કાશ્મીર-POKમાં હવાઈ હૂમલા કરીને આતંકવાદીઓનાં નવ ઠેકાણા નષ્ટ કર્યા. આ હુમલામાં 70થી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે.

નવી દિલ્હીમાં આજે ઑપરેશન સિંદુર અંગે વિગતવાર માહિતી આપતા ભારતીય સેનાનાં કર્નલ સોફિયા કુરેશી અને ભારતીય વાયુસેનાનાં વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘે જણાવ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને ન્યાય આપવા ઓપરેશન સિંદુર હાથ ધરાયું હતું. કર્નલ સોફિયાએ કહ્યું, પાકિસ્તાનમાં લશ્કરી અને નાગરિક સ્થળોને નિશાન બનાવ્યા વિના આ ઑપરેશન પાર પાડવામાં આવ્યું છે. તેમણે નાશ કરાયેલા ત્રાસવાદી સ્થળોની સૂપૂર્ણ વિગત પણ આપી હતી. તમામ રાજકીય પક્ષોએ પણ ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . .

# PRAFUL PANSERIYA REACTION

ભારતીય સંરક્ષણ દળોએ કરેલા ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરતાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ કહ્યું , વિશ્વની પ્રથમ હરોળમાં આવતી અદ્યતન સંસાધનોથી સજ્જ એવા વીર જવાનો પર અમને ગર્વ છે.

**(બાઇટ: પ્રફુલ પાનશેરીયા, શિક્ષણ રાજ્યમંત્રી)**

જામનગરના જામસાહેબે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને સેનાના જવાનોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું , શૂરવીરોની વીરતા અને ચતુરાઈ તેમજ અદભુત શસ્ત્રો સાથેની પ્રશંસનીય તાલીમ દ્વારા સમગ્ર વિશ્વએ ભારતની અતુલ્ય ક્ષમતા અને જુસ્સો જોયો છે.

. . . . . . . . . . . . . . .

# KUTCH RAJKOT AIRPORT

સુરક્ષાને ધ્યાને રાખી કચ્છમાં ભુજ અને કંડલા હવાઈમથકને સામાન્ય નાગરિકો માટે અચોક્કસ મુદત સુધી બંધ કરાયું છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ હેમાંગ પટ્ટણી, પ્રતિનિધિ, પશ્ચિમ કચ્છ)

બીજી તરફ , રાજકોટ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક આજથી ત્રણ દિવસ તમામ સ્થાનિક ઉડાન માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન હવાઈમથક માત્ર સૈન્ય અભિયાન માટે ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . .

# MOCK DRIL

ગૃહમંત્રાલય દ્વારા આજે નાગરીક સંરક્ષણ મોક ડ્રીલનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યના 18 જિલ્લાઓમાં આજે સાંજે સાડા સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધી અંધારપટ છવાશે. ત્યારે આ મોકડ્રિલ મામલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, ચીફ સેક્રેટરી એ.સી.એસ. હોમ અને ડી.જી.પી.ની ઉપસ્થિતિમાં ગઇકાલે સાંજે તમામ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને તમામ તૈયારીઓની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ બેઠકમાં GEB, અગ્નિશામક, વન, PWD, તબીબી, હોમગાર્ડ, મહેસૂલ, કલેક્ટરશ્રી અને પોલીસ ડીપાર્ટમેન્ટ, મ્યુનીશીપલ કમીશ્નર જેવા વિવિધ વિભાગની તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા સામાન્ય નાગરિકોએ મોકડ્રીલના સંદર્ભમાં વોર્નિંગ સિગ્નલ અને ઓલ ક્લીયર સિગ્નલ સમજવા અપીલ કરી હતી..

. . . . . . . . . . . . .

# SHAH CM MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બપોરે સરહદી રાજ્યોના મુખ્યમંત્રીઓ, રાજ્ય પોલીસ વડા અને મુખ્ય સચિવો સાથે એક બેઠક યોજશે. બેઠકમાં ગુજરાત , જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, સિક્કિમ, પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી અને લદ્દાખ તેમજ જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . .

# CM PROG CANCEL

રાજ્યભરમાં વરસાદના કારણે સર્જાયેલી વર્તમાન પરિસ્થિતિના કારણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આજનો કેવડિયાનો કાર્યક્રમ રદ થયો છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , કેવડિયા ખાતે રાજસ્થાન સરકારની ચિંતન શિબિરમાં ભાગ લેવા શ્રી પટેલ જવાના હતા. જોકે , હવે આ કાર્યક્રમ રદ કરાયો છે.

. . . . . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)